જાહેર છતાં ય ખાનગીમાં ખેલાતા ગૃહ યુદ્ધનાં સમાન સ્વાનુભવો

ઈતિહાસમાં નોંધાયેલા યુદ્ધ છેક સરહદ કે વિશાળ મેદાન પર લડવામાં આવ્યા હતા. તો નાના, મિની કે માઈક્રો યુદ્ધ તો ગમે ત્યારે ગમે તેની સાથે થયા. એને વ્યક્તિ અને સ્થળ, કાળના બંધન ના નડ્યા. જોકે એ યુદ્ધને લોકો ઝઘડો, કંકાસ, કકળાટ, બબાલ, મારામારી, તોફાન, હુમલો તરીકે ઓળખે

શાંતિ... અમારા બંગલા, સોસાયટી કે ફ્લેટ તો ઠીક મારા પિતા કે સગાનું નામ સુદ્ધાં નથી. શાંતિ એક પરિસ્થિતિ છે, પ્રયાસ છે. મેં ઘરમાં બે પ્રકારની શાંતિ અનુભવી. દીકરો બાબુલ સ્કૂલે ગયા પછીની નિરવ શાંતિ અને બાબુલની મોમ ઘરમાં થોબરો ચઢાવીને કે રિસાઈને મૂંગીમંતર ફરે ત્યારની શાંતિ. આ બીજા નંબરની શાંતિ માટે અનુભવે સમજાયું કે એને ગૃહ યુદ્ધ પૂર્વેની શાંતિ માનવી.

ઈતિહાસમાં નોંધાયેલા યુદ્ધ છેક સરહદ કે વિશાળ મેદાન પર લડવામાં આવ્યા હતા. તો નાના, મિની કે માઈક્રો યુદ્ધ તો ગમે ત્યારે ગમે તેની સાથે થયા. એને વ્યક્તિ અને સ્થળ, કાળના બંધન ના નડ્યા. જોકે એ યુદ્ધને લોકો ઝઘડો, કંકાસ, કકળાટ, બબાલ, મારામારી, તોફાન, હુમલો તરીકે ઓળખે. પરિવાર, પડોશ, કે જાણી-અજાણી વ્યક્તિ સાથે બોલાચાલી, અથડામણ, ઝઘડો-બઘડો થાય ત્યારે મિની યુદ્ધના મૂળ નંખાય.

તો ક્યારેક રે પથ્થરો ફેંકતા ફેંકી દીધો. કવિપણું પ્રેક્ટિકલ કરવા જાવ ત્યારે પણ બબાલ ઉર્ફે યુદ્ધ થવાના ચાન્સ જન્મે.

જ્યારે જાહેર છતાં ય ખાનગીમાં ખેલાતું યુદ્ધ છે ગૃહ યુદ્ધ. એ સગ્ગા દંપતી વચ્ચે ખેલાય, રમાય, રચાય. અને ક્યારેક રમખાણ જેવું ય થાય. તો ક્યારેક પારકા પતિ કે પત્ની અને દંપતીનાં લીધે પણ ગૃહ યુદ્ધ પ્રગટે.

બે દેશ વચ્ચે સરહદ, સંધિ, સંવાદિતા વગેરે ભંગના કારણે યુદ્ધ થાય પણ ગૃહ યુદ્ધના કારણ કળી શકાતા નથી. ગૃહ યુદ્ધનો મૂંગા મોંઢે અને નીચી મૂંડીએ સામનો કરવાના સ્વાનુભવોથી કહું તો ગૃહ યુદ્ધમાં નારીની મતિ મેદાને પડે તો કોઈ સંમતિ સધાતી નથી. કે પછી નીતિ, અનીતિ, રણનીતિ ખપ લાગતી નથી. એ જ રીતે યુદ્ધ નીતિ, શુદ્ધ નીતિ કે બુદ્ધ નીતિ ખપ લાગતી નથી.

સુખી દામ્પત્ય જીવન વિશે પુસ્તક અને સેમિનારમાં પણ એના ઉકેલ નથી મળ્યા.

છતાંય ગૃહ યુદ્ધ ખેલવું પડે. એની અણધારી તૈયારી રાખવી પડે. પરંતુ આશ્વાસન એ કે તમે અડોશ-પડોશના કપલોના કકળાટ કંકાસ છાનામાના જોઈ જાણીને સ્થિતિ સમજી શકો.

લોકો ભલે એને તમાશો માને. આ ઉપરાંત પરંતુ ગૃહ યુદ્ધ વખતે પડશે એવા દેવાશે અને લાગ આવે એવા લેવાશે-નો નિષ્ફળ મંત્ર યાદ રાખવો સારો.

એમ તો હું પતંગ યુદ્ધમાં સ્વઘોષિત પાવરધો છું. જે હું ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણે લડું છું. એમાં મારી પતંગ બીજાની પતંગ સાથે પેચ લડાવીને કાપવાનો ઉદ્યમ હોય. પરંતુ ઉદ્યમ ઉધામા બની જાય અને દર વખતે મારો પતંગ કપાય જાય. તો ય હું બૂમ મારું કાયપો છે, કાયપો છે. પરાજય પછી પણ વિજયના આવા ખોટા નાદ ગૂંજવવાની કપટ કળા બધાને સાધ્ય નથી હોતી.

હમણાં ભારત સરકારે પાકિસ્તાન સાથેના યુદ્ધને ઓપરેશન સિંદૂર નામ આપ્યું. એ જોતાં દરેક યુદ્ધને ઓપરેશન કહી શકાય. પણ દરેક ઓપરેશનને યુદ્ધ ગણો તો ડૉક્ટર નારાજ થાય.

મારો ભૂતકાળ વાગોળું તો અમે પોળવાસી છોકરાં વર્ષોથી નામકરણ કરતા. અમે તોફાની બારકસો કોઈ પડોશી સાથે ઝઘડો થયા પછી પડોશીના સ્કૂટરમાં છાનામાના પંચર પાડી દેતા. એને અમે ઓપરેશન એર કહેતા.

એ કારનામાની કેળવણી મેં સ્કૂલ સુધી વિસ્તારી. સ્કૂલમાં નિયમિત લેશન લાવીને શિક્ષકની નજરમાં હોંશિયાર બનેલા એક સહાધ્યાયીને એની હોંશિયારી ભૂલાવી દેવાનું મેં નક્કી કર્યું. એટલે એની લેશનની નોટ સંતાડી દીધી. એ હતું મારું ઓપરેશન લેશન. પછી, એની નોટ મારા થેલામાંથી સાહેબે પકડી. અને મને લાફો માર્યો. એને મેં માન્યું જીવનનું લેશન.

મેં મનોજકુમારથી લઈને સની દેઓલ અને અજય દેવગણના ફિલ્મી યુદ્ધો જોયા છે પણ, નજરોનજર પહેલું યુદ્ધ સૌરાષ્ટ્રમાં જોયેલું: એ હતું પાણી ભરવા આવેલી મહિલાઓ વચ્ચે બેડા યુદ્ધ.

મારા બિનઅભ્યાસનું ઉચ્ચક ઉભડક કાલ્પનિક તારણ છે કે દરેક વ્યક્તિએ જીવનમાં પરિવાર, પડોશ, પાર્કિંગ, પોલીસ, ઓફિસ, બેન્ક, બજાર વગેરે જગાએ એકવાર યુદ્ધ કર્યું હશે કે જોયુ-જાણ્યું હશે.

આવા ન ગણ્ય કહેવાય એવા કે યુદ્ધની પરિભાષામાં ઘૂસાડી પણ ન શકાય એવા યુદ્ધોનો હું પ્રત્યક્ષ કે પરોક્ષ સાક્ષી રહ્યો છું.

મને ઘણીવાર મન થયું કે યુદ્ધ ભાથું બાયોડેટામાં ઠઠાડી દઉ. પછી થતું કે છોકરી (યાર, લગ્ન) અને નોકરી મળી ગયા છે. હવે બાકી શું રહ્યુ. સાથે, ગૃહ યુદ્ધના રિપ્લે નજર સામે તરતો.

ગૃહ યુદ્ધમાં પરાજયનો ગુસ્સો હું કોઈક પર કાઢતો. ત્યારે પત્ની ટોકતી - લડવાનું કામ તમારું નહીં. ત્યારે થતું કે મારી પત્ની યુદ્ધ નીતિ કોની પાસે શીખી હશે? ♦

-ડો. મહેશ શાહ

સુખી દામ્પત્ય જીવન વિશે પુસ્તક અને સેમિનારમાં પણ એના ઉકેલ નથી મળ્યા. છતાંય ગૃહ યુદ્ધ ખેલવું પડે. એની અણધારી તૈયારી રાખવી પડે. પરંતુ આશ્વાસન એ કે તમે અડોશ-પડોશના કપલોના કકળાટ કંકાસ છાનામાના જોઈ જાણીને સ્થિતિ સમજી શકો.

સચોટ અને વિશ્વસનીય દૈનિક અખબાર ગુજરાતમિત્રને ૧૬૩ માં વર્ષમાં પ્રવેશ કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન
એક શુભેચ્છક
DI-077

સૌથી વિશ્વસનીય અખબાર ગુજરાતમિત્રને ૧૬૩ વર્ષમાં પ્રવેશ બદલ શુભકામના...
ડાંગ જિલ્લા પંચાયતનાં પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈન તથા સિંચાઈ સમિતિનાં ચેરમેન શ્રી હરીશભાઈ બચ્છાવનાં માર્ગદર્શન હેઠળ ડાંગ જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગનાં નેજા હેઠળ નિર્માણ પામેલ ચેકડેમ, કૂવાઓ તથા સંગ્રહ તળાવ,ઉદ્વહન સિંચાઈ યોજનાનાં પગલે જિલ્લાનાં ગામડાઓમાં પાણીની સાથે હરિતક્રાંતિ આવી.

ડાંગ જિલ્લા પંચાયતનાં સિંચાઈ વિભાગ દ્વારા વર્ષ 23-24-25માં ડાંગ જિલ્લાનાં આહવા,વઘઇ અને સુબિર તાલુકાનાં ગામડાઓમાં નદી,કોતરડા અને વહેળાઓ પર ચેકડેમોનું નિર્માણ તથા અસરગ્રસ્ત બનેલ ચેકડેમોનાં રીપેરીંગની કામગીરી પૂર્ણ કરી જનજીવન,પશુપાલન સહિત ખેતી માટે ખેડૂતોની તરસ બુઝાવી ઉમદા કામગીરી હાથ ધરી. ડાંગ જિલ્લા પંચાયતનાં સિંચાઈ વિભાગ દ્વારા ગામડાઓમાં કુવાઓ તથા સંગ્રહ તળાવ,ઉદ્વહન સિંચાઈ યોજનાનાં વિકાસકીય કામોનું નિર્માણ કરી ગામડાનાં લોકો માટે પીવાનાં પાણી સહીત ખેતી ક્ષેત્રે સદ્ધર બનાવ્યા છે.
ડાંગ જિલ્લા પંચાયતનાં સિંચાઈ વિભાગનાં ઇન્ચાર્જ કાર્યપાલક ઈજનેર શ્રી મિહિરભાઈ પટેલનાં માર્ગદર્શન હેઠળ વઘઇ પેટા સબ ડિવિઝન સિંચાઈ વિભાગનાં નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી બી.પી.પટેલ, આહવા પેટા સબ ડીવીઝન સિંચાઈ વિભાગનાં નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી પી.બી. ભારતી ,સુબિર પેટા સબ ડિવિઝન સિંચાઈનાં નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી મિહિરભાઈ પટેલ તથા આહવા,વઘઇ અને સુબિર પેટા સિંચાઈ વિભાગનાં મદદનીશ ઈજનેરોમાં શ્રી જીગરભાઈ ચૌધરી, શ્રી મોન્ટુભાઈ તલાવિયા,શ્રી નીરજભાઈ ગાવીત,શ્રી હિતેશભાઈ પટેલ,શ્રી પી.એમ.ચૌધરી તથા શ્રી રવિન્દ્રભાઈ પવારનાઓએ ચેકડેમો તથા કૂવાઓનાં બાંધકામ તથા રીપેરનાં કામો ,સંગ્રહ તળાવ અને ગામડાઓમાં ઉદ્વહન સિંચાઈનાં વિકાસકીય કામોની ઘનિષ્ટ સુપરવિઝનની કામગીરી હાથ ધરી ગુણવત્તાયુક્ત કામગીરી કરાવી હતી.જેના પગલે ડાંગ જિલ્લા પંચાયતનાં સિંચાઈ વિભાગ હસ્તકનાં ચેકડેમો અને કૂવાઓ અને સંગ્રહ તળાવોમાં પાણી સંગ્રહની ક્ષમતા સફળ બનતા છેવાડેનાં ડાંગીજનો માટે પાણીની યોજનાઓ સફળ બની છે.

-ડાંગ જિલ્લા પંચાયત હસ્તકનાં સિંચાઈ વિભાગ દ્વારા પાણી સંગ્રહની યોજનાઓમાં જિલ્લાનાં ગામડાઓમાં સફળ કામગીરી કરતા સરકારની પાણીની યોજનાઓ સાર્થક થઈ છે..
અધ્યક્ષશ્રી- શ્રી હરિશભાઈ બચ્છાવ
ખેતીવાડી, પશુપાલન અને સિંચાઈ વિભાગ
ડાંગ જિલ્લા પંચાયત આહવા-ડાંગ
DI-057

સૌથી વિશ્વસનીય અખબાર ગુજરાતમિત્રને ૧૬૩ વર્ષમાં પ્રવેશ બદલ શુભકામના...

» ડાંગ જિલ્લાનાં સ્ટેટ માર્ગ મકાન વિભાગનાં કાર્યપાલક ઈજનેર કેતનભાઈ કુકણાનાં માર્ગદર્શન હેઠળ આહવા અને વઘઇ ડિવિઝનાનાં કર્મચિઓએ વરસાદી માહોલમાં પણ અસરગ્રસ્ત માર્ગો પર યુદ્ધનાં ધોરણે કામગીરી હાથ ધરી ચોમાસાની ઋતુમાં પણ તમામ માર્ગો વાહન વ્યવહાર માટે અકબંધ રાખ્યા.
» ડાંગ જિલ્લાનો વઘઇથી શામગહાનને જોડતો 42 કિલોમીટરનો આંતર રાજ્ય ધોરીમાર્ગ ડાંગ જિલ્લા સ્ટેટ માર્ગ મકાન વિભાગની તકેદારીનાં પગલે માલવાહક વાહનો સહીત પ્રવાસી વાહનચાલકોનાં આવન જાવન માટે સહી સલામત બન્યો.
» વઘઇથી શામગહાનને જોડતા આંતર રાજ્ય ધોરીમાર્ગમાં ડાંગ જિલ્લા સ્ટેટ ધોરીમાર્ગ વિભાગ દ્વારા લગાવવામાં આવેલ રોલર કેશ બેરીયરનાં પગલે મહદઅંશે અકસ્માતમાં ઘટાડો થયો.સાથે સાકરપાતળ નજીકનો નંદીનાં ઉતારાનાં બ્રિજની બન્ને બાજુ ગેન્ટ્રી લગાવી,માર્ગમાં અકસ્માત પોઈંટ પર સૂચક બોર્ડ લગાવીવાહન વ્યવહાર સલામત બનાવ્યો,હાલમાં સાકરપાતળ બ્રિજનીત્વરિત રીપેરીંગ કામગીરી હાથ ધરવામાં આવી,અહી બ્રિજ નજીક સલામતી બોર્ડ સહીત સૂચક બોર્ડ લગાવી વાહનવ્યવહાર સુગમ બનાવ્યો.
» વઘઇથી શામગહાનને જોડતા આંતરરાજ્ય ધોરીમાર્ગમાં લગાવેલ રોલર કેશ બેરીયર ટેકનોલોજીનાં પગલે અસંખ્ય મુસાફરોનાં જીવ સુરક્ષિત બચ્યા છે સાથે રોલરકેશ બેરીયર વાહનચાલકો સહીત પ્રવાસીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થયા.રોલરકેશ બેરીયરનાં પગલે છેલ્લા ઘણા સમયથી અકસ્માતમાં ઘટાડો નોંધાયો છે.અને માનવીનું અમૂલ્ય જીવન બચાવી આ ટેકનોલોજીએ સાર્થક થઈ છે.
» ડાંગ જિલ્લાનાં વઘઇથી શામગહાનને જોડતો આંતર રાજ્ય ધોરીમાર્ગ,આહવાથી રીંચિલીને જોડતો રાજ્ય ધોરીમાર્ગ ,આહવાથી વઘઇને જોડતો રાજ્ય ધોરીમાર્ગ,પીંપરીથી ભેંસકાતરીને જોડતો રાજ્ય ધોરીમાર્ગ,આહવાથી સુબિરને જોડતો રાજ્ય ધોરીમાર્ગ,બારીપાડાથી સુરગાણાને જોડતો આંતર રાજ્ય ધોરીમાર્ગ ભારે વરસાદનાં પગલે અમુક જગ્યાએ અસરગ્રસ્ત બન્યા હતા.આ તમામ માર્ગો પર ડાંગ જિલ્લાનાં સ્ટેટ ધોરીમાર્ગનાં કાર્યપાલક ઈજનેર કેતનભાઈ કુકણાનાં માર્ગદર્શન હેઠળ આહવા સ્ટેટ વિભાગનાં નાયબ કાર્યપાલક ઈજનેર વી.આર.પટેલ,વઘઇ સ્ટેટ વિભાગનાં નાયબ કાર્યપાલક ઈજનેર એમ.આર. પટેલ,મદદનીશ ઇજનેરોમાં ગીરીશભાઈ પટેલ,યતીનભાઈ પટેલ,પાર્થ કાનડે,ચિરાગભાઈ ગાયકવાડ,સંકેતભાઈ મિસ્ત્રી સહિતનાં સ્ટેટ ધોરીમાર્ગનાં તમામ કર્મચિઓએ પેચવર્ક સહીત ખાડાઓનું પુરાણ કરી તથા માર્ગોની સાઈડમાં કલરકામ,તમામ માર્ગો પર સૂચક બોર્ડ લગાવી વાહનવ્યવહાર માટે સુગમ બનાવ્યા છે.સાથે માર્ગની સાઈડની લોખંડની એંગલો લગાવી વાહનોનાં સુરક્ષાની કાળજી લીધી છે
» ડાંગ જિલ્લામાં અનરાધાર વરસાદી માહોલમાં પણ સ્ટેટ ધોરીમાર્ગ વિભાગનાં કર્મચારીઓ જેસીબી જેવા સાધનો સાથે દિવસ રાત ખડેપગે ઉભા રહી માર્ગો પર ધસી પડેલ ભેખડો, વૃક્ષો સહીત માટીનો મલબો હટાવવાની કામગીરી ચાલુ જ રાખતા ડાંગ જિલ્લાનાં સ્ટેટ ધોરીમાર્ગનાં કર્મચારીઓની કામગીરીને ભારે વાહનચાલકો સહીત પ્રવાસી વાહન ચાલકોએ બિરદાવી હતી.
» ડાંગ જિલ્લાનાં સ્ટેટ ધોરીમાર્ગનાં નેજા હેઠળ કરોડોનાં ખર્ચે ગિરિમથક સાપુતારા ખાતે સ્ટાફ ક્વાટર્સ તથા વઘઇ ખાતે આદિજાતિ વિદ્યાર્થીઓ માટે નિવાસી શાળાનું અદ્યતન બિલ્ડીંગનું કામ પૂર્ણ કરાયેલ છે.આવનાર દિવસોમાં સાપુતારા ખાતે વર્ગ-2,વર્ગ-3 અને વર્ગ-4નાં કર્મચારીઓને અદ્યતન રહેઠાણની સુવિધાઓ મળશે. જ્યારે વઘઇ ખાતે ગરીબ એવા આદિજાતિ વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે છાત્ર નિવાસ માટે અદ્યતન શાળાનાં બિલ્ડીંગોની સુવિધાઓ મળશે.
» ડાંગ જિલ્લાનાં સ્ટેટ ધોરીમાર્ગનાં કાર્યપાલક ઈજનેર કેતનભાઈ કુકણા જણાવ્યુ હતુ થોડા મહિના પૂર્વે જ વઘઇથી શામગહાનને જોડતો 42 કિલોમીટરનો આંતર રાજ્ય ધોરીમાર્ગ ડામર સપાટીમાં નવીનીકરણ થયો છે.તથા આ માર્ગમાં અકસ્માત પોઈંટ ને ધ્યાનમાં લઈનવા રોલર કેશ બેરીયર પણ લગાવવામાં આવ્યા છે.જ્યારે આ માર્ગમાં ભારે વાહનો માટે બંધ કરાયેલ સાકરપાતળ બ્રિજની મરામતની કામગીરી પુરજોશમાં હાથ ધરવામાં આવેલ છે.આ પુલ રાજ્ય સરકાર દ્વારા નવો મંજુર કરવામાં આવ્યો છે.આવનાર દિવસોમાં આ બ્રિજ પણ નવો બનશે.સાપુતારાથી વઘઇને જોડતો આંતર રાજ્ય ધોરીમાર્ગ સહીત જિલ્લાનો આહવા રીંચિલી માર્ગ તથા બારીપાડા-મોટામાંળુગા માર્ગ,આહવા-વઘઇ માર્ગ સહીત અન્ય માર્ગો પણ પ્રવાસીઓ તથા વાહનચાલકો માટે લોકભોગ્ય બનાવવામાં આવ્યા છે.
એક શુભેચ્છક- આહવા-ડાંગ
DI-058

સૌથી વિશ્વસનીય અખબાર ગુજરાતમિત્રને ૧૬૩ વર્ષમાં પ્રવેશ બદલ શુભકામના...

ડાંગ જિલ્લાનાં એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે આવતા પ્રવાસીઓને પ્રાકૃતિક વાતાવરણની સાથે નવુ નજરાણુ મળી રહે તે માટે દક્ષિણ ડાંગ વન વિભાગમાં સમાવિષ્ટ શામગહાન રેંજ દ્વારા 1 હેક્ટર જમીનમાં 10 હજાર મિયાવાકી રોપાઓનું વાવેતર કરી તેની ઘનિષ્ટ જાળવણી કરી "વનકવચ"નાં નામને ખરા અર્થમાં સાર્થક કરી પ્રકૃતિપ્રેમીઓને ભેટ આપી છે.ડાંગ જિલ્લાનાં દક્ષિણ વન વિભાગનાં ડી.સી.એફ નિરજકુમાર(IFS)નાં જણાવ્યા અનુસાર ડાંગ જિલ્લાનું ગિરિમથક સાપુતારા કુદરતી સૌંદર્યનાં કારણે દેશ વિદેશમાં વખણાય છે.જેથી અહી દૂર દૂરથી પ્રવાસીઓ સિમેન્ટ કોન્કીટનાં જંગલોથી કંટાળીને ખરેખર કુદરતી સૌંદર્યથી ભરમાર બનેલ ગિરીકન્દ્રાઓનાં ખોળે આવી પ્રકૃતિનાં ખોળામાં વિહરી તેઓનાં મનને શાતા બક્ષતા હોય છે.દક્ષિણ ડાંગ વન વિભાગની ઘનિષ્ઠ કામગીરીનાં પગલે આજે પણ ગિરિમથક સાપુતારા ખાતે જુવંત પ્રકૃતિ અકબંધ હોવાથી અહી અસંખ્ય પ્રવાસીઓ ઉમટી પડે છે.ત્યારે સાપુતારા ખાતે આવતા પ્રવાસીઓને વનસંપદાનો વધુ એક ખોળો મળી રહે તેવા આશયથી રાજ્ય સરકારનાં માર્ગદર્શન હેઠળ દક્ષિણ ડાંગ વન વિભાગ દ્વારા 1 હેક્ટર જમીનમાં જાપાનીઝ પદ્ધતિથી મિયાવાકીનાં 10 હજાર રોપાઓનું વાવેતર કરી સફળ પ્લાન્ટેશન કરેલ છે.અને આ પ્લાન્ટેશનને આજે 2 વર્ષ પૂર્ણ થઈ ગયા છે.રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં 74 જેટલા વન કવચ બનાવ્યા છે.જેમાંથી સાપુતારા ખાતે પણ મિયાવાકી પ્લાન્ટેશન બનાવી વનકવચનું નામ અપાયુ છે.સાપુતારા ખાતે વન કવચ માટે ફાળવવામાં આવેલ જમીન ઢેલાન અને પથરાળ હોવા છતાંય દક્ષિણ ડાંગ વન વિભાગનાં શામગહાન રેંજનાં આર.એફ.ઓ ચિરાગભાઈ માછીની ટીમે 1 હેક્ટર જમીનની ફરતે તાર કમ્પાઉન્ડ બનાવી તથા આ જમીનમાં વર્મી ખાતર અને કમ્પોસ્ટ નાખી 10 હજાર જેટલા મિયાવાકીનાં રોપાઓનું સફળ વાવેતર કરી સાપુતારા ખાતે ફરવા આવતા પ્રવાસીઓ માટે જુવંત જંગલની નેમ વ્યક્ત કરી ખેવના પુરી પાડી છે.સાપુતારાનાં વનકવચને 2 વર્ષ પૂર્ણ થઈ ગયા છે.અને પ્રવાસીઓ માટે ખુલ્લુ મુકાયુ છે.ચાલુ 2025નાં વર્ષમાં સાપુતારા ખાતેનું વનકવચ ગાઢ જંગલનું રૂપ લઈ ટુરિસ્ટ માટે હબ બન્યુ છે.અને આ વનકવચની આજદિન સુધી અસંખ્ય પ્રવાસીઓએ મુલાકાત લઈ મનમાં તૃપ્તિનો અહેસાસ કર્યો છે.આમ ખરા અર્થમાં રાજ્ય સરકારનાં વનકવચ માટેની ફાળવણી કરાયેલ ગ્રાંટ અહી સાર્થક થયેલ નજરોનજર જોઈ શકાય છે.રાજ્ય સરકારનું વન અને પ્રવાસન વિભાગ ડાંગ જિલ્લામાં ઉત્તરોતર પ્રગતિ કરે તે માટે દક્ષિણ ડાંગ વન વિભાગનાં ડી.સી.એફ.નિરજકુમાર(IFS)નાં માર્ગદર્શન હેઠળ વન વિભાગની ટીમ કટિબદ્ધ બની છે.

દક્ષિણ ડાંગ વન વિભાગ આહવા-ડાંગ

વઘઇ નજીકનો ગીરાધોધ પ્રવાસીઓ માટે સંભારણુ.દક્ષિણ ડાંગ વન વિભાગનાં વઘઇ રેંજમાં લાગુ અને અંબિકા નદી પર આવેલ વઘઇનો ગીરાધોધ ચોમાસાની ઋતુ દરમ્યાન મીની નાયગ્રા ફોલનો અહેસાસ કરાવે છે.વઘઇનો ગીરાધોધ ચોમાસાની ઋતુ દરમ્યાન ભરચક જોવા મળે છે.આ ધોધને માણવા હાલમાં રોજેરોજ મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી રહ્યા છે.વઘઇનાં ગીરાધોધ ખાતે દક્ષિણ ડાંગ વન વિભાગ દ્વારા સ્થાનિકોને રોજગારી મળી રહે તે માટે ગીરાધોધ નજીક સુલભ શૌચિંગ દુકાનોની વ્યવસ્થા કરી આપી છે.સાથે અહી સ્થાનિક વન મંડળીની રચના કરી આર્થિક ઉપાર્જન મેળવવામાં આવી રહ્યુ છે.વઘઇનાં નયન રમ્ય ગીરાધોધ ખાતે પ્રવાસીઓને અગવડતા ન પડે તે માટે ગીરાધોધ વન પરિસરીય મંડળી કાર્યરત જોવા મળે છે.ચોમાસાની ઋતુ દરમ્યાન પ્રવાસીઓ ગીરાધોધની મુલાકાત લેવાનું ચૂકતા નથી.

દેવીનામાળ કેમ્પ સાઈટ,કિલાદ કેમ્પ સાઈટ,વાંસદા નેશનલ પાર્ક સહિત પાંડવ ગુફા અને અંજનીકુંડ પ્રવાસીઓ તથા શ્રધ્ધાળુઓનાં મનને શાંતિ અર્પે છે.દક્ષિણ ડાંગ વન વિભાગનાં ઘટાદાર જંગલોની વચ્ચે વન વિભાગ પ્રવાસીઓને અનેક સુવિધાઓ સાથે વિકાસમાં અગ્રેસર જોવા મળી રહ્યુ છે.આહવા પૂર્વ રેંજનાં આર. એફ.ઓ.હાર્દિકભાઈ ચૌધરીનાં માર્ગદર્શન હેઠળ વિકાસ પામેલી દેવીનામાળ કેમ્પસાઇટ પ્રકૃતિપ્રેમીઓને આકર્ષિત કરે છે.આહવા પૂર્વ રેંજમાં સમાવિષ્ટ દેવીનામાળ કેમ્પ સાઈટ જાજરમાન પ્રકૃતિની સાથે પ્રવાસીઓનાં મનને મોહી આકર્ષિત કરે છે.દેવીનામાળ કેમ્પ સાઈટમાં રહેવાની ઉત્તમ વ્યવસ્થા જોવા મળી રહે છે.તથા આ કેમ્પસાઈટથી પ્રકૃતિ અને નદીનાં દુર્લભ સંગમ રચતા દ્રશ્યો જોવા મળે છે.તેવીજ રીતે વઘઇની કિલાદ કેમ્પ સાઈટ અને નવતાડ નેશનલ પાર્ક પણ પ્રવાસીઓ માટે સંભારણુ બની રહે છે.તેવીજ રીતે દક્ષિણ ડાંગ વન વિભાગમાં આવેલ પાંડવ ગુફા અને અંજનીકુંડ ધામ શ્રધ્ધાળુઓ માટે આસ્થાનું કેન્દ્ર બન્યુ છે.આ સ્થળોએ પ્રવાસીઓ અને શ્રધ્ધાળુઓ અચૂક મુલાકાત લઈ લ્હાવો મેળવે છે.ચાલુ વર્ષે ડાંગ જિલ્લાનાં દક્ષિણ વન વિભાગનાં ડી.સી.એફ.નિરજકુમાર(IFS)નાં માર્ગદર્શન હેઠળ એસીએફ આરતી ડામોર,ફેનિલ દેસાઈતથા આહવા પૂર્વ રેંજનાં આર.એફ.ઓ હાર્દિકભાઈ ચૌધરી,ગલકુંડ આર.એફ.ઓ બી.ઓ.પરમાર,શામગહાન રેંજ આર.એફ.ઓ.ચિરાગભાઈ માછી,ચીખલી રેંજ આર.એફ.સરસ્વતીબેનભોયા,સાકરપાતળ રેંજ આર.એફ.ઓ મનીષભાઈ સોનવણે, વઘઇ રેંજ આર.એફ.ઓ ડી.કે.રબારી,નવતાડ રેંજ આર.એફ.ઓ અંકિતાબેન તિવારી,ચિચીનાગાવઠા રેંજ આર.એફ.ઓ ગણેશભાઈ ભોયેનાંઓની વનકર્મીઓની ટીમ દ્વારા જંગલો સહીત પ્રવાસન સ્થળોએ સફળ પ્લાન્ટેશનની કામગીરી પૂર્ણ કરી જંગલો તથા પ્રવાસન સ્થળોએ ફરવા આવતા પ્રવાસીઓને પ્રકૃતિનું જતન,સંવર્ધન અને રક્ષણ સહીત વન્ય પ્રાણીઓને ખલેલ ન પોહચાડવા અનુરોધ કર્યો છે.સાથે ગિરિમથક સાપુતારા સહીત અન્ય પ્રવાસન સ્થળોએ પ્લાસ્ટિક ન ફેંકવા અને વન્યજીવો પ્રત્યે સજાગ બનવાનો સંદેશો પાઠવ્યો.તાજેતરમાં જ ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલનાં અધ્યક્ષ સ્થાને વઘઇનાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં જિલ્લા કક્ષાનો 76મો વન મહોત્સવ યોજાયો હતો.જેમાં સુરત વન વર્તુળનાં વન સંરક્ષક પુનિત નેયર,દક્ષિણ ડાંગ વન વિભાગનાં ડી.સી.એફ.નિરજકુમાર(IFS) સહિત વનકર્મીઓ અને પદાધીકારીઓએ ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કરી વન વિભાગની યોજનાઓને સાર્થક કરી હતી.સાથે ડાંગ જિલ્લાનાં 76માં વનમહોત્સવમાં ડાંગ ધારાસભ્ય વિજયભાઈ પટેલે વનવિભાગનાં કર્મચારીઓની કામગીરી અને વિકાસની ફળશ્રુતિને બિરદાવી હતી.



શ્રી નિરજકુમાર(IFS)
ડી.સી.એફશ્રી
(દક્ષિણ ડાંગ વન વિભાગ)

વનસ્પતિ ઉદ્યાન બોટનીકલ ગાર્ડન વઘઇનાં વિકાસમાં દક્ષિણ ડાંગ વન વિભાગનાં ડી.સી.એફ.નિરજકુમાર(IFS)તથા એ.સી.એફ.આરતીબેન ડામોરેનવા ડગલા ભરી પ્રકૃતિપ્રેમીઓ તથા અભ્યાસુઓ માટે નવી પ્રેરણા આપી છે.વનસ્પતિ ઉદ્યાનની સ્થાપના 1 લી મે 1966માં વન વિભાગ દ્વારા થઈ હતી.વઘઇનું વનસ્પતિ ઉદ્યાન 24 હેક્ટરમાં ફેલાયેલુ છે.આ વનસ્પતિ ઉદ્યાનમાં 7 કિમીનાં રસ્તાની વ્યવસ્થિત જાળી છે.આ વિસ્તાર 1600 મિમીથી 2000 મિમી સુધીનો વરસાદ વર્ષાઋતુ દરમ્યાન ગ્રહણ કરે છે.વનસ્પતિ ઉદ્યાન વઘઇ પ્રકૃતિપ્રેમીઓનાં અભ્યાસ માટે મહત્વનું છે.આ ઉદ્યાન સુંદર અને કુદરતી રીતે શાંત વાતાવરણ વાળુ છે.અહી દરેક જાતની વનસ્પતિ ઉપલબ્ધ કરાઈ છે.વનસ્પતિ સાથે તમને જુદી જુદી જાતનાં જીવજંતુઓ અને પક્ષીઓ પણ જોવા મળશે.જેમનું ઘર આ ઉદ્યાન છે.આ એક એવી જગ્યા છે કે તમોને 100 વર્ષ જૂની જાતો જોવા મળી શકે છે.જે આખા રાજ્યમાં વનસ્પતિ ઉદ્યાન વઘઇમાં છે.આ ઉદ્યાનમાં 50 જેટલા રોડ જોવા મળે છે.જે દરેક રોડની સાઈડમાં થોડ્સ વનસ્પતિઓ છે.તેથી તમો દરેક રસ્તપ્રદ રસ્તા પર જઈ શકો જેવા કે ઈન્દ્રજવ રોડ,સીતા અશોક રોડ,સિલ્વર ઓક રોડ જેવા અનેક માર્ગો આવેલા છે.આ ઉદ્યાનને ફુલોથી શુશોભીત કરવામાં આવેલ છે.જે ઉદ્યાનની સુંદરતામાં વધારો કરે છે.વનસ્પતિ ઉદ્યાન વઘઇ એ ગુજરાતનું સૌથી મોટુ ઉદ્યાન છે.જે વર્ષે 2થી 3 લાખ મુલાકાતીઓને આકર્ષે છે.આ વનસ્પતિ ઉદ્યાન વઘઇ નજીક મુખ્ય માર્ગ પર આવેલો છે.આ વનસ્પતિ ઉદ્યાન વઘઇ નગરથી 2 કિલોમીટરનાં અંતરે છે.તેમજ આહવાથી 40 કિમિનાં અંતરે આવેલ છે.જ્યારે વાંસદાથી 18 કિમીનાં અંતરે અને સુરતથી 118 કિમીનાં અંતરે આવેલ છે.વધુમાં સૌથી નજીકનું રેલવે સ્ટેશન વઘઇ નેરોગેજ અને તે મુંબઈ-અમદાવાદ-દિલ્હી બ્રોડગેજ રેલવે માર્ગ સાથે જોડાયેલ છે.વધુ માહિતી માટે નાયબ વન સંરક્ષકશ્રી-દક્